નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગરની કચેરી માટે એકાઉન્ટન્ટ(કેડર પોસ્ટ), વર્ગ-૩, નિયામકશ્રી,હિસાબ અને તિજોરીઓ, મારફત ભરવા બાબત
**નવી બાબત : વર્ષ-૨૦૨૬-૨૭**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : **SJED/EOD/e-file/17/2025/2683/J**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ઈ-સાઈન મુજબ

**<u>વંચાણમાં લીધા:-</u>**

**<u>(૧)</u>** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૫/૨૦૨૬ નો સમાનાંકી ક્રમાંકનો ઠરાવ

**<u>(૨)</u>** નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૫/૦૬/૨૦૨૬ નો પત્ર ક્રમાંક : DSCWG/MIS/e-file/224/2026/1423/K

**<u>આમુખ:</u>**

વંચાણે લીધેલ (૧) ના અત્રેના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગરની કચેરી માટે સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ ની ૧ જગ્યા, એકાઉન્ટન્ટ(કેડર પોસ્ટ), વર્ગ-૩ ની ૧ જગ્યા અને આઇ.ટી. કન્સલટન્ટ (આઉટસોર્સ)ની ૧ જગ્યા ઉભી કરવા બાબત અંગેની ૩.૦.૦૯ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના તા.૨૫/૦૬/૨૦૨૬ના પત્રથી ઉક્ત મંજૂર થયેલ તેઓના હસ્તકની ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગરની કચેરી માટે એકાઉન્ટન્ટ(કેડર પોસ્ટ), વર્ગ-૩ ની ૧ જગ્યા નાણા વિભાગના તાબા હેઠળના એકાઉન્ટન્ટ(હિસાબનીશ), વર્ગ-૩ સંવર્ગ(પે-મે. લેવલ-૭, ૩૯૯૦૦-૧૨૬૬૦૦) ના વર્તમાન સંખ્યાબળમાં(CADRE STRENGTH) માં સમાવવા તેમજ સદર જગ્યા નાણા વિભાગના વહીવટી નિયંત્રણ હસ્તકની હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી મારફત ભરવાની સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ:</u>**

કાળજીપૂર્વક વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગરની કચેરી માટે એકાઉન્ટન્ટ(કેડર પોસ્ટ), વર્ગ-૩ ની ૧ જગ્યા નાણા વિભાગના તાબા હેઠળના એકાઉન્ટન્ટ(હિસાબનીશ), વર્ગ-૩ સંવર્ગ(પે મેટ્રીક્ષ લેવલ-૭, ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦) ના વર્તમાન સંખ્યાબળ (CADRE STRENGTH)માં સમાવવા તેમજ સદર જગ્યા નાણા વિભાગના વહીવટી નિયંત્રણ હસ્તકની હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી મારફત ભરવામાં આવે તે બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

(૧) સદર જગ્યા પરના કર્મચારીની નિમણૂંક, બદલી, ઉચ્ચતરનો કેસ સંબંધિત કચેરી મારફત મળ્યા બાદ મંજૂરીની કામગીરી, કર્મચારીના ખાનગી અહેવાલ સંબંધિત કચેરી ભર્યા બાદ ખાનગી અહેવાલની અભિરક્ષા જેવી બાબતો નાણા વિભાગ હેઠળની હિસાબ અને તિજોરી નિયામકની કચેરી દ્વારા જાળવવામાં આવશે.

(૨) સદર જગ્યા પરના કર્મચારીની અન્ય સેવાકીય બાબતો જેવી કે રજા, LTC, પગાર

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.08.25 17:30:23 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

બાંધણી, સેવાપોથીની જાળવણી, ઉચ્ચતરનો કેસ તૈયાર કરવો, ખાનગી અહેવાલ ભરવા વગેરે. બાબતેની ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીને સત્તા રહેશે.

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ નાણા વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક: તસમ/૨૦૨૦૧૯/૧૪૮૬/દ થી પરિપત્રિત કરેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે અને સદર પરિપત્રના અનુસંધાને સદરહુ જગ્યાનો જોબચાર્ટ હિસાબ અને તિજોરી નિયામકની કચેરી મારફત મંજુર કરાવવાનો રહેશે.

વિભાગના તા.૦૮/૦૫/૨૦૨૬ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૩/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

e-sd/-

**( ડૉ. અનંત ગર્ગ )**

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

**પ્રતિ,**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.વ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૭,ગાંધીનગર તરફ સદરહુ જગ્યા પર નિયમિત નિમણૂક કરવા સત્વરે કાર્યવાહી હાથ ધરવી.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ - વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.08.25 17:30:23 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign